## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ આ વખતે તમે સૂપર સ્પ્રેડર્સનું સન્માન કરવાનું ગોઠવજો અને અમને પણ એકાદો એવોર્ડ આપી સન્માન કરાવજો...!!

# સરગાસણ કેપીટલ આઈકોન પાસે મોબાઈલ પર સટ્ટો રમતો યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૦

સરગાસણ કેપીટલ આઈકોન પાસે મોબાઈલ એપ્લીકેશન દ્વારા ઈગ્લેન્ડ ભારતની ચાલી રહેલી ૨૦-૨૦ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતો એક શખ્સ ઈન્ફોસીટી પોલીસના હાથે ઝડપાયો છે. પોલીસે યુવકનો મોબાઈલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસ મથકના જવાનો વિસ્તારમાં પેટોલીંગમા હતા તે સમયે રીલાયન્સ ચોકડી થી સરગાસણ તરફ જતા માર્ગ પર કેપીટલ આઈકોન બિલ્ડીંગ નીચે ખુલ્લી જગ્યામાં એક શખ્સ પોતાના મોબાઈલમાં લોગઈન આઈડી થી ઈન્ટરનેટની મદદથી ભારત-ઈગ્લેન્ડ ની ૨૦-૨૦ મેચ પર સટ્ટો રમે છે. તે બાતમીને પગલે પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા અંધારામાં મોબાઈલ ફોનમાં મેચ જોતા અને સટ્ટો રમતા યુવકને પકડી પાડ્યો હતો. પોલીસે યુવકનુ નામ પુછતા તેણે અમદાવાદ પાલડી વિસ્તારમાં સત્વ ફલેટ એફ ૨૦૨ ખાતે રહેતો પાર્થેશ અશોકભાઈ સોની (ઉં.૩૭) હોવાનું જણાવ્યું હતું.યુવક ઓનલાઈન એપ્લીકેશનની મદદથી જીતશન નામના લોગઈન આઈડીથી મેચ જોઈને સટ્ટો રમતો હતો. પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



આખરા ઉનાળામાં ઠંડા પીવાના પાણીની ખૂબ જરૂરીયાત રહે છે. રાહદારીઓ કયારેક પાણીના અભાવે ખૂબ મુશ્કેલી અનુભવે છે. ઉનાળાના દિવસો દરમિયાન કોઈને પીવાના પાણી માટે વલખાં ન મારવા પડે તે માટે ઘણી સેવાભાવી સંસ્થાઓ અને વ્યકતિઓ ઠંડા પાણીના માટલા ઝાડના છાંયે મુકાવે છે. નિયમિત રીતે તેમાં પાણી ભરાય તેની પણ તેઓ કાળજી રાખે છે. આવી નાની નાની બાબતો જ માનવતાને જીવંત રાખી રહી છે.

## ખૂણેખાંચરેથી

- કોરોનાના કેસો અંગે સત્તાવાર સરકારની યાદીમાં અને જિલ્લાની યાદીમાં વિસંગતતાઓ સામે આવી છે. જિલ્લાતંત્રે ૧૩ કેસ કહ્યા છે તો સરકારે ૧૭ કેસ બતાવ્યા છે.
- જિલ્લાતંત્રનો આજનો દિવસ મીટીંગ્સ ડે રહ્યો છે. આજે કાયદો વ્યવસ્થા, લેન્ડગ્રેબીંગ માટે જિલ્લા કલેકટરના અધ્યક્ષાપદે બેઠકો મળી હતી. જો કે આચારસંહિતાનો મુદ્દો આગળ કરી જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક રદ કરાઈ હતી.
- ગાંધીનગર જિલ્લામાં બે દિવસમાં ૧૨ હજારથી વધુ લોકોને વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- સ્થાયી સમિતિના પૂર્વ અધ્યક્ષ મનુભાઈ પટેલના માતુશ્રીનું દુઃખદ અવસાન થયુ છે.
- ટિકીટવાંચ્છુઓ દ્વારા ફોર્મ સાથે રજુ કરવાના પ્રમાણપત્રો મેળવવા કચેરીઓમાં દોડતા જોવા મળ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં ગરમીનું પ્રમાણ વધતાં હવે ધીમી ગતિએ પાણીની પરબો પણ શરૂ થઈ રહી છે.

# જમીયતપુરા કન્ટેનર ડેપો પાસેથી વરલીનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

જમીયતપુરા સ્થિત કેન્ટેનર ડેપો નજીક એકટીવા પર બેસીને વરલી મટકાનો આંક લખતા યુવકને અડાલજ પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે યુવક પાસેથી રૂ.૧,૦૧,૭૦૦ રોકડ, ૪૦ હજારનું એકટીવા અને રૂ.૫ હજારનો ફોન મળી કુલ રૂ.૧,૪૬,૭૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અડાલજ પોલીસ મથકના પીઆઈ જે.એચ.સિંઘવના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે સમયે કોન્સ્ટેબલ મિલિનકુમારને બાતમી મળી હતી કે ખોરજ ગામનો ફિરોઝખાન અનવરખાન પઠાણ (ઉં.૨૭) જમીયતપુરા સ્થિત કેન્ટેનર ડેપોની સામે વરલીનો જુગાર રમાડે છે. જેને પગલે પોલીસે રેઈડ કરીને ડેપોના ગેટ નં.૨ સામે જી.જે.૧૮. ડી.ડી.૧૧૧૫ નંબરનું એકટીવા લઈને ઉભા રહેલા ફિરોઝખાનને પકડી પાડ્યો હતો. પોલીસે તેનો ફોન ચેક કરતા ફોનના વોટસએપ પર વરલી મટકાના આંક લખેલા મળી આવ્યા હતા. તે ઉપરાંત વિવિધ નામો લેખલા મળી આવ્યા હતા, આ નામના વોટસએપ ચેટમાં વરલી મટકાના આંક લખેલા મળી આવ્યા હતા. પોલીસે આરોપી સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખ-૭ પાસે ચેઈન સ્નેચીંગની ઘટનામાં બાઈક ચોરીનું નીકળ્યું

તાજેતરમાં ગાંધીનગર શહેરના ગ-૭ થી ખ-૭ તરફ જતા માર્ગ પર એકટીવા પર જઈ રહેલા મહિલાના ગળામાંથી સોનાનું મંગળસુત્ર તોડી લઈ જવાની ઘટનામાં આરોપીએ જે બાઈકનો ઉપયોગ કર્યો હતો તે બાઈક ચોરીનું હોવાનું સામે આવ્યું હતું. સેકટર-૧૪ ખાતે રહેતા પતિ-પત્નિ જમીને ઘરે પરત જતા હતા. તે સમયે બ્લેક કલરના યામાહા બાઈખ લઈને અજાણી વ્યકિત આવી હતી. દંપતિ કંઈ સમજે કે વિચારે તે પહેલા જ પેલા વ્યકિતએ મહિલાના ગળામાં પહેરેલું રૂ.૬૦ હજારની મત્તાનું મંગળસુત્ર તોડીને લઈને ફરાર થઈ ગયો હતો. જેમાં યુવકે બાઈકના નંબરના આધારે જી.જે.૩૧.જે.-૩૧૦૦ ની બાઈક ચાલક સામે ફરીયાદ નોંધાવી હતી.

# કોરોના સંક્રમણના વધતાં કેસો વચ્ચે ચૂંટણીઓની જાહેરાતને વખોડી કાઢતું વસાહત મહાસંઘ

### સરકાર જો ખરેખર નાગરિકોનું ભલું ઇચ્છતી હોય તો ચૂંટણીઓ રદ કરી વહીવરદાર નીમે : કેશરીસિંહ બિહોલા

ગાંધીનગર તા. ૨૦

ગાંધીનગર શહેરમાં દિનપ્રતિદિન વધતા કોરોના સંક્રમિત કેસોને ધ્યાને લઈ આગામી મહાનગર પાલિકાની ચૂંટણીઓ હાલ પૂરતી મુલતવી રાખવા રાજ્ય સરકારના મુખ્ય ચૂંટણી અધિકારી, જિલ્લા કલેકટર તથા કમિશનરને શહેર વસાહત મહાસંઘ દ્વારા લેખિત આવેદનપત્ર આપી અનુરોધ કરવામાં આવ્યો હતો પરંતુ રાજ્ય ચૂંટણી પંચે જોહુકમીથી ચૂંટણીઓની જાહેરાત કરી દેતાં વસાહત મહાસંઘ રોષે ભરાયું છે અને ચૂંટણીની જાહેરાતને સંસ્થાના પદાધિકારીઓએ શહેરના નાગરિકો વતી સખત શબ્દોમાં વખોડી કાઢી છે.

વસાહત મહાસંઘના મતે અત્યારે દિનપ્રતિદિન રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો હોવાને કારણે સરકારે આઠ મહાનગર પાલિકાઓની શાળા, કોલેજો, બાગ-બગીચા, રેસ્ટોરન્ટ, ટ્યુશન કલાસ સહિત મધ્યમવર્ગના કેટલાક ધંધા રોજગાર પણ બંધ કરાવેલા છે ત્યારે ગાંધીનગર મહાનગર પાલિકાની ચુટણી યોજવી કેટલી વ્યાજબી છે? ગાંધીનગર શહેરમાં વરિષ્ઠ નાગરિકો તેમજ પેન્શનર સિનિયર સિટીઝનો મોટી સંખ્યામાં રહે છે, આ સંજોગોમાં કોરોના સંક્રમણની હાલની પરિસ્થિતિમાં તેઓ મતદાનથી પણ વંચિત રહી જાય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. વળી, ચૂંટણી સમય દરમ્યાન રાજકીય પક્ષો પ્રચાર માટે જાહેર સભા, રેલીઓ, સરઘસો, ભોજન સમારંભો જેવા કાર્યક્રમ યોજીને કોરોનાને વકરવાની તક આપી શકે છે અને નાગરિકોના જીવન જોખમમાં મૂકી શકે છે જે પછી ચૂંટણી પૂરી થયે કાબૂમાં કરવો અઘરો થશે.

હજુ પણ સમય છે, જો સરકાર ખરેખર નાગરિકોનું હિત ઈચ્છતી હોય તો આ તમામ બાબતો ધ્યાને લઈ ચુટણીનુ જાહેરનામું સ્થગિત કરી ચૂંટણી મોકુફ રાખી વહીવટદારની નિમણૂંક કરી શહેરના નાગરિકોના સવાસ્થ સલામતી સુરક્ષા રાખવાની જવાબદારી નિભાવે ત્યારે તેઓ પ્રજાના સાચા પ્રતિનીધી કહેવાશે તેવું વસાહત મહાસંઘના પ્રમુખ કેસરિસિંહ બિહોલાએ જણાવ્યુ છે.



ગાંધીનગરમાં રસીકરણની ઝુંબેશ વ્યાપકપણે ચાલી રહી છે. અર્બન હેલ્થ સેન્ટર, સેકરટ-૨ ખાતે ચાલી રહેલી રસીકરણની કામગીરીની સમીક્ષા કરવા ભાજપના પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા પહોંચ્યા હતા. તેમની સાથે ભાજપના અન્ય કાર્યકર્તાઓ પણ જોડાયા હતા.

# ગાંધીનગર તથા આસપાસના વિસ્તારમાં વિશ્વ ચકલી દિવસની અનેકવિધ રીતે ઉજવણી કરાઈ

ગાંધીનગર તા. ૨૦

ચકલી આપણા પર્યાવરણ નો અગત્યનો ઘટક છે ચકલી અને ચકલી કુળના અનેક પક્ષીઓ ની પેઢીને બચાવવા માટે વિશ્વ સ્તરે પ્રયાસો થઈ રહ્યા છે. માનવીય પ્રવૃતિઓને કારણે ચકલીઓ લુપ્ત થતી જાય છે. તેના ભાગ રૂપે ૨૦ માર્ચ ને ચકલી દિવસ તરકે ઉજવવામાં આવે છે. આ દિવસે ઘરેલુ ચકલીઓને લુપ્ત થતી બચાવવા માટેની જાગૃતિ લાવવા પ્રયત્નો કરાય છે. ગાંધીનગર તથા આસપાસના વિસ્તારોમાં પણ પ્રકૃતિ અને જીવદયા પ્રેમીઓ તેમજ સંસ્થાઓ દ્વારા વિશ્વ ચકલી દિવસની વિવિધ રીતે ઉજવણી કરવામાં આવી હતી.

**● હેપ્પી યુથ કલબ દ્વારા હેપ્પી સ્પેરો વીકની ઉજવણી**



ગાંધીનગરમાં વિશ્વ ચકલી દિવસને અનુલક્ષીને ‘‘હેપ્પી સ્પેરો વિક’’ ની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે જે અંતર્ગત આજે સવારે સેકટર-૧૬માં પાટનગર યોજના ભવન પાસે હેપ્પી ચકલી ઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણમાં અનેક પર્યાવરણપ્રેમી નાગરિકોએ ઉપસ્થિત રહી વિના મૂલ્યે હેપ્પી ચકલી ઘર પ્રાપ્ત કર્યા હતા. આ કાર્યક્રમમાં હેપ્પી યુથ ક્લબના પ્રોજેક્ટ કોઓર્ડિનેરટર રાજુભાઇ મકવાણા તથા કમિટી મેમ્બર્સ ભાવના રામી, વિશાખા રાજપૂત, અલ્કેશ ભાનુપ્રિય ઉપરાંત ધાર્મિક પટેલ, નિરાલી પ્રજાપતિ, અનિકેત સુમેસરા અને નિમેશ ચૌહાણ વગેરે સભ્યોએ જોડાઈને જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં કોવિડ-૧૯ની ગાઈડલાઇન અનુસાર ફરજિયાત માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને સેનેટાઈઝર વગેરેનું પાલન કરવામાં આવ્યું હતું.




**● સોનીપુર ગામના યુવાનોનું પાણીના કુંડાનું વિતરણ**

વિશ્વ ચકલી દિવસની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર તાલુકાના સોનીપુર ગામે રહેતા પ્રકૃતિ તથા જીવદયાપ્રેમી સામાજીક કાર્યકર નરેશજી શનાજી ઠાકોર અને એમના સાથી મિત્રો દ્વારા ચકલી ઘર અને પંખીઓને આગામી ઉનાળાની ગરમીમાં પીવાનું પાણી મળી રહે તે હેતુથી માટીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**● ગુજરાત સાયન્સ સિટીની વર્ચ્યુઅલ ઉજવણીમાં ૨૫૦૦થી વધુ ઉત્સાહીઓ જોડાયા**

ગુજરાત સાયન્સ સિટી દ્વારા આયોજિત વિશ્વ ચકલી દિવસની વર્ચ્યુયલ ઉયજવણીમાં વડોદરાની ગુજરાત એકોલોજી સોસાયટીના એસોસિએટ એકોલોજિસ્ટ ડો.જાગૃતિ રાઠોડે ચકલી અને તેના લુપ્ત થવાના કારણો વિષે સવિસ્તાર ચર્ચા કરી હતી. વિશ્વ ચકલી દિવસ એ ‘‘નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા’’ની ઈકો સિસ્ટમ એકશન ફાઉન્ડેશન ઓફ ફાંસ સાથેની પહેલ છે. આ




સોસાયટીની સ્થાપના પર્યાવરણવાદી મોહનલાલ દિલાવર દ્વારા કરાઈ હતી. જેઓને ૨૦૦૮માં હિરોઝ ઓફ ધ એનવાયરમેંટ (પર્યાવરણના હીરો ) તરીકે સન્માનીત કરાયા હતા. ડો જાગૃતિ રાઠોડે જણાવ્યુ કે જંગલોનો નાશ એ ચકલીઓની વસ્તી ઘટાડા માટેનું એક મોટું કારણ છે. હવાનું પ્રદૂષણ , માટીનું પ્રદૂષણ , પાણીનું પ્રદૂષણ વગેરે પણ ચકલીઓની પ્રજાતિના વસ્તી ઘટાડા માટે જવાબદાર છે. આ સેશન દરમિયાન ડો રાઠોડે જણાવ્યુ કે ઝાડ અને છોડવા પક્ષીઓના ઘર છે. વૃક્ષારોપણ તેમણે આશરો આપશે એટલું જ નહીં પરંતુ ઑક્સીજનના સ્તર અને હરિયાળી માં પણ વધારો કરશે. ચકલી માટે અનુકૂળ જગ્યા એ માળા મૂકવા , બર્ડ ફિડર રાખવા અને તેમણે અનુકૂળ વાતાવરણ દ્વારા લુપ્ત થતી બચાવવા વિષે જણાવ્યુ હતું. આ ઉજવણીમાં ૨૫૦૦થી વધુ પર્યાવરણ પ્રેમી જોડાયા હતા.

# વનવાસી-વનબંધુ સંબોધનો બંધ કરવા કોંગ્રેસની માગ

### ગુજરાત વિધાનસભામાં ભાજપ-કોંગ્રેસ આમને-સામને : આ પ્રકારના શબ્દો ગેરબંધારણીય છે તેમજ અપમાનજનક હોવાનું કહી વિપક્ષે ઉચ્ચારણોનો વિરોધ કર્યો

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભામાં આદિવાસીઓ માટે ભાજપ દ્વારા કરાતા વનવાસી અને વનબંધુ જેવા સંબોધનને બંધ કરવાની માંગ વિપક્ષ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે. શનિવારે કોંગ્રેસે ગૃહમાં જણાવ્યું હતું કે આ પ્રકારના શબ્દો ગેરબંધારણીય છે તેમજ અપમાનજનક છે. હવે આ મુદ્દે ભાજપ અને કોંગ્રેસ આમને-સામને આવી ગયા છે. રાજ્ય આદિવાસી કલ્યાણ મંત્રી ગણપત વસાવાએ જણાવ્યું કે, આ પ્રકારના શબ્દોનો પ્રયોગ છેલ્લા અનેક વર્ષોથી કરવામાં આવી રહ્યો છે અને પૂર્વની કોંગ્રેસ સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા પણ આદિવાસીઓની કલ્યાણ યોજનાઓ માટે વનબંધુ તેમજ વનવાસી શબ્દનો પ્રયોગ કરવામાં આવતો હતો. અમારી સરકારે આ શબ્દનો ઉપયોગ ફક્ત વનબંધુ કલ્યાણ યોજના સહિતની કેટલીક કલ્યાણકારી યોજના માટે કર્યો છે. અમારી સરકારે આદિવાસી શબ્દને બદલીને વનવાસી કે વનબંધુ કરવા કોઈ ઠરાવ કર્યો નથી તેમ મંત્રી ગણપત વસાવાએ ગૃહમાં એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું. ભાજપે આ શબ્દ વાપરવાની શરૂઆત નથી કરી અને તેનો ઉપયોગ ૧૯૭૬માં જ્યારે રાજ્યમાં કોંગ્રેસની સરકાર હતી તે વખતથી થતો આવે છે. ૨૦૦૬માં કેન્દ્રની કોંગ્રેસ સરકારે પણ વનમાં રહેતી અનુસૂચિત જનજાતી માટે વનવાસી શબ્દ પ્રયોગ કર્યો હતો.

આ મામલે કોંગ્રેસના ધારાસભ્ય ચંદ્રીકા બારૈયાએ દાવો કર્યો હતો કે આ પ્રકારના શબ્દોથી આદિવાસીઓની લાગણી દુભાય છે. જ્યારે વધુ એક આદિવાસી ધારાસભ્ય અનિલ જોશીયારાએ અન્ય શબ્દપ્રયોગ બંધ કરીને ફક્ત આદિવાસી શબ્દ વાપરવા માગ કરી હતી. જોશીયારાના મતે વનવાસી શબ્દ ગેરબંધારણીય છે. તેનો સરળ અર્થ જંગલી એવો થાય છે જે જંગલમાં વસે છે. વનમાં રહેતા લોકો માટે આદિવાસી શબ્દ યોગ્ય છે. આદિવાસીનો અર્થ થાય છે એવા લોકો જે યુગોથી આ ધરતી પર રહે છે. કોંગ્રેસના ધારાસભ્યએ અન્ય શબ્દનો ઉપયોગ સરકાર ના કરે તેનો ઠરાવ કરવા માંગ કરી હતી. વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ પણ કહ્યું હતું કે, વનવાસી શબ્દ દ્વીઅર્થી છે, જો કોઈ બહારની વ્યક્તિ વનમાં આવીને રહેવા લાગે છે તો તે પણ પોતાને વનવાસી ગણાવશે. આવા લોકો પણ પોતાને આદિવાસી ગણાવશે અને મૂળ આદિવાસીઓના હકો પણ છીનવી શકે છે. આના જવાબમાં મંત્રી વસાવાએ જણાવ્યું કે ફક્ત જંગલમાં આવીને રહેવાથી કોઈ આદિવાસી નથી બની જતું. આ બાબત સુનિશ્ચિત કરવા કડક કાયદો છે. હકીકત એ છે કે કોંગ્રેસે ભૂતકાળમાં ક્યારેય આદિવાસીઓની દરકાર લીધી નથી.

# રવિવારે પણ કોરોના રસીની કામગીરી ચાલુ રહેશે : નીતિનભાઈ પટેલ

ગાંધીનગર,તા.૨૦

ગુજરાતમાં કોરોના સંક્રમણ રોકેટ ગતિથી વધી રહ્યું છે અને સૌથી વધુ ખરાબ હાલત અમદાવાદ અને સુરતની છે, ત્યારે પીએમ મોદીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને કોરોના વેક્સિનેશન બને તેટલું ફાસ્ટ બનાવવા અપીલ કરી હતી. તેના ભાગરૂપે ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે ડેપ્યૂટી સીએમ નીતિન પટેલે આજે એક મોટી જાહેરાત કરી છે. સામાન્ય રીતે કોરોનો વેક્સિનેશન આપવા માટે સોમવારથી શનિવાર સુધી આપવામાં આવે છે અને રવિવારે રજા હોય છે. પરંતુ હાલ રાજ્યની હાલતને જોતા આવતીકાલે (રવિવારે) પણ કોરોના રસીકરણ ચાલું રહેશે તેવી જાહેરાત કરી છે.

આજે ડેપ્યૂટી સીએમ નીતિન પટેલે વિધાનસભા ગૃહમાં જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૨૫૦% સેન્ટર પરથી આવતીકાલે (રવિવારે) કોરોના રસીકરણ કરવામાં આવશે. જેથી રાજ્યના તમામ ધારાસભ્યો પોતાના વિસ્તારમાં રસી લઈ શકે છે. દર રવિવારે રજા હોય છે પરંતુ આવતીકાલે રજા રદ કરાઈ છે.

રાજ્યના ચાર મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટમાં નાઈટ કર્ફ્યૂ નાંખી દેવામાં આવ્યો છે. કોરોના પર કાબુ મેળવવા મોલ, સિનેમા પણ શનિ-રવિ બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. અમદાવાદ, સુરતની હાલત સૌથી વધારે ખરાબ છે.

# ચિલોડા સર્કલ પાસે સ્વચ્છતા પ્રતિક સમા સુલભ શૌચાલય કોમ્પલેક્ષનું લોકાર્પણ

ચિલોડા, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક સર્કલ પાસે વર્ષો સુધી જાહેર શૌચાલયની માંગ અને સમસ્યાનો સહયોગથી આજે તા. ૧૯-૩-૨૦૨૧ના રોજ જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાનના હસ્તે લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.



અંત સાથે સ્વચ્છતાના પ્રતિકસમા સુલભ શૌચાલય કોમ્પલેક્ષ જેમાં શૌચાલય, સ્નાનાગૃહ અને મુતરડી પે એન્ડ યુઝની અદ્યતન સુવિધાયુક્ત સુલભ શૌચાલય સંકુલ ઓ.એન.જી.સી.ના સૌજન્યથી નિર્માણ અને વ્યવસ્થા સુલભ ઈન્ટરનેશનલ સોશિયલ સર્વિસ ઓર્ગેનાઈઝેશન રાજ્યશાખા ગુજરાત અને ચિલોડા ગામ પંચાયતના સંયુક્ત

આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી જી.એ. ધાંધલિયા, ઓએનજીસીના અધિકારીઓ, ગ્રામ પંચાયતના તલાટી મંત્રી રાજુભાઈ ચૌધરી, ગામના અગ્રણી દિનેશભાઈ પટેલ તથા બળદેવભાઈ રાવળ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાનના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ.

# ચિલોડા મોટા ગામે પહેલા દિવસે ૯૫ વડીલોને રસીકરણ કરાયુ



ચિલોડા, તા. ૨૦

કોરોના સંક્રમણમાં ચિંતાજનક વધારો સર્જાતા આવી સ્થિતિમાં રસીકરણ ઝડપી બનાવવા સરકારે કમર કસી છે. ત્યારે ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા પ્રાથમિક શાળામાં પ્રાથમિક આરોગ્ય ટીમ દ્વારા ગામના વડીલો, જેઓ ૬૦ વર્ષથી વધુની વય ધરાવે છે. તેમાં રસીકરણ અભિયાન અંતર્ગત પહેલા દિવસે ૯૫ જેટલા વયસ્કોએ રસીકરણ કરાવ્યુ હતુ. રસીકરણનો આ કાર્યક્રમ તા. ૩૧મી માર્ચ સુધી સવારે ૯.૩૦ થી ૫ વાગ્યા સુધી ચાલવાનો છે. જેનો લાભ લેવા આરોગ્ય ટીમ દ્વારા ગ્રામજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.